

# ગુજરાતી ગઝલના સ્થિત્યંત્તરો

પ્રો.આશાબેન આર.ચૌધરી
ગુજરાતી વિભાગ
ડી.એન.પી.આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

ગુજરાતી સાહિત્ય જગતમાં ગઝલનું આગવું સ્થાન છે. એ વાત સાચી છે કે ગઝલ પ્રત્યે એક જમાનામાં સાક્ષરોને સૂગ હતી . પરંતુ આજે તે રહી નથી . વળી આજકાલ ગુજરાતી સાહિત્યના શિષ્ટ સામયિકોમાં પ્રગટ થતી કાવ્યરચનાઓ પૈકી મોટાભાગની તો ગઝલ જ હોય છે.ગુજરાતી , હિન્દી અને ઉર્દૂ ભાષામાં રચાયેલી ગઝલોની કેસેટો આજે ઘેર ઘેર વાગે છે . અને ગઝલનો એક ચાહક વર્ગ પણ ઊભો થયો છે.

ગુજરાતી ગઝલની છડી પોકારનારા બાલાશંકર , પરંતુ સ્વાભાવિક રીતે ગઝલ એશિયાના અરબસ્તાનમાં જન્મીને ઇરાનમાં ફારસી સાહિત્યમાં ખૂબ ખીલેલો ને ત્યાંથી યુરોપમાં તેમ મોગલો ને ઉર્દૂ ભાષા સાથે હિન્દુસ્તાનમાં આવીને લોકપ્રિય થયેલો કાવ્યપ્રકાર છે.

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગઝલ :
  - (1) જૈન કવિઓની હિન્દવી ગઝલ
  - (2) સ્વામિનારાયણીય કવિઓ અને દયારામના હાથે “રેખ્તા” (ઉર્દૂ ભાષાનું પ્રારંભિક રૂપ) માં પ્રયત્નો
  - (3) કેટલાક પારસી ને નાગર કવિઓ દ્વારા ગઝલના પ્રયાસો ( ગઝલના ગુલબારા ઉડાવે છે.)
- આરંભના તબક્કાની ગઝલો :-

બાલાશંકર કથારિયા (૧૮૫૮ – ૧૮૯૮) ગુજરાતી ગઝલનો શુભારંભ .

ભૂતકાળમાં ( એપ અર્વાચીન યુગમાં ) ગઝલ રચના અને ગઝલેત્તર **કાવ્યરચના નાં વહેણ જુદો જુદો દિશામાં વહેતાં હતા . ગઝલકાર , શાયર અને ગઝલેત્તર કાવ્યરચના કરનાર કવિ જાણે જુદી નાતના હતા .જુદી જમાતના હતા. પણ આજે એવું રહ્યું નથી .આ કાલખંડ દરમ્યાન ગુજરાતી ગઝલ સાથે કામ પાર પાડનાર કવિઓએ કઈ રીતે કામ પાર પાડ્યું છે, કેવું યોગદાન આપ્યું છે, તે જોતાં ગઝલ અને ગુજરાતી ગઝલનો વિચાર કરીએ છીએ ને** તરત જ આપણને આપણા આરંભના ગઝલકારો બાલાશંકર , મણિલાલ , કાન્ત , કલાપી, સાગર યાદ આવે ને ગુજરાતી ગઝલ અહીં પરાકાષ્ઠાએ પહોંચે છે.

મધ્યકાલીન સુધી ગઝલના મૂળને શોધતાં પહોંચીએ છીએ છતાં ગુજરાતી ગઝલના પુરસ્કર્તા તરીકે બાલાશંકરને ગણીએ છીએ . “જેનાથી જિગરનો પાર જુદો......”

ગુજરાતી ગઝલના પ્રારંભ કાળ માં પોતાનું આગવું એવું અર્પણ કરી ગઝલના ઈતિહાસમાં અનોખુ સ્થાન મેળવનાર મણિલાલ નભુભાઈ પાસેથી કહી લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે .ની અમર પંક્તિ મળે છે ને એજ રીતે ગઝલની યાત્રામાં આગળ વધીએ તો મહત્વનું નામ આવે છે કલાપીનું.

જ્યાં જ્યાં નજર મારી ઠરે ,યાદી ભરી ત્યાં આપની થી તે ગઝલને ઊંચી સપાટી પર મૂકી આપે છે . 'આપની યાદી' થી ગઝલ ઉદાત્ત બને છે. તો વળી 'ઇશ્કે મિજાજી' અને 'ઇશ્કે હકીકી' ને ગઝલના માઈનસ્ટોન ગણી શકાય જેમણે આપણી ગઝલમાં બીજ નિક્ષેપ કર્યો અને કલાપીએ ગુજરાતી ગઝલને લોકચાહના અપાવી ગુજરાતી ગઝલને પણ વ્યવસ્થા ખાતર જુદા જુદા વિભાગોમાં વહેંચવી હોય તો વહેંચી શકીએ ને એ રીતે જોઈએ તો આ આરંભના તબક્કાના ગઝલકારો છે.

બીજા તબક્કામાં ગની દહીંવાલા ,શૂન્ય પાલનપુરી, વેણીભાઇ પુરોહિત , આસિમ રાંદેરી, કિસ્મત કુરેશી , શેખાદમ આબુવાલા , મકરંદ દવે ,અમૃતઘાયલ સરસ ગુજરાતી ગઝલ કવિતા આપે છે . ગુજરાતી ગઝલની સમૃદ્ધિનો આ કાળ હતો સંખ્યા અને સત્વ બંને દ્રષ્ટીએ ગુજરાતી ગઝલ જે ગાળામાં બહુ ખીલી ઊઠી એ આ બીજો તબક્કો.

ત્રીજો તબક્કો તે પ્રયોગશીલતાનો છે . જો કે આધુનિક ગઝલના સ્વરૂપ પરત્વે પતીલે જેટલા પ્રયોગો કર્યા અને ગઝલને ઊર્મિચિંતન કાવ્ય તરીકે ખેડયું , તેવું આ યુગમાં અન્ય કોઈએ ભાગ્યેજ કર્યું . અહીં પરંપરા તૂટે છે . મૌલિક પ્રયોગો થાય છે . તેમજ વિષય અને અભિવ્યક્તિમાં પણ પરિવર્તન આવે છે . ચીનુ મોદી, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, શ્યામ સાધુ, બાબુભાઇ પટેલ, હરીશ મિનાશ્રુ, નયન દેસાઇ, થાનકી, વિનોદ જોષી વગેરે ગઝલ કવિ તરીકે જ નવી ગઝલને ખેડે છે.

આ ત્રણે તબક્કાની ગુજરાતી ગઝલને પોતાની આગવી ઓળખ છે . માટે તેમને જુદી પંગતમાં બેસાડીએ છીએ. સંવેદનમાં અને અભિવ્યક્તિમાં પણ એક તબક્કાથી બીજા તબક્કાની ગુજરાતી ગઝલમાં જુદાપણું આવે છે.

બીજા તબક્કાના આરંભનો બહુજ મહત્વનો કહી શકાય તેવો અવાજ છે 'શયદા', તો શા માટે શયદાને ગુજરાતી ગઝલના એક વિશિષ્ટ સ્થિત્યંત્તર તરીકે સ્વીકારીએ છીએ . દેખીતી વાત છે કે શયદા પહેલાંની ગઝલોમાં એકબાજુ અરબી ,ફારસીનો પ્રચંડ પ્રભાવ અને બીજી બાજુ ગઝલના આંતર -બાહ્ય સ્વરૂપોનું એટલું જતન નથી થયું જેટલું અહીં થયું છે . શયદા આવે છે અને તેને ઉગારવાનું , ઉછેરવાનું કામ કરે છે. ગુજરાતી ગઝલનો રંગ એમાં પ્રગટ્યો છે. અગાઉના અરબી-ફરસી અસરમાં ઊછરેલી ગઝલ કરતાં ગઝલનો એક ઊજળો ચહેરો શયદાની ગઝલમાં જોવા મળે છે . એક નવો વળાંક લાવે છે . આપણે કોઈ સર્જક પાછળ જ્યારે કોઈ વિશેષણ યોજીએ છીએ ત્યારે એની પાછળ આપણું કોઈ ચોકકસ લોજિક, તર્ક હોય છે. શયદાને બે રીતે વધાવાયા છે. એક તો ગુજરાતી ગઝલનો એક ચહેરો એમાંથી નીપજ્યો છે અને બીજુ એમાંથી નીપજતી ભાષાની સહજતા અને સરળતા . પોતાની કવિતાના સ્વરૂપ, રૂપરંગ વિશે પ્રત્યેક કવિ સભાન છે . એ પોતે આત્મ પ્રતીતિપૂર્વક એમ કહે છે કે 'ગઝલ શયદાની સાદી સાવ છે પણ છે મનન માટે ' ગઝલ સાથે કામ પાર પાડતા આ ગઝલકાર પોતાની ગઝલનો સ્વભાવ કેવો છે એનો પડઘો અહીં પાડ્યો છે . ગઝલની સરળતા ઘણી વખત બહુ છેતરામણી હોય છે . સાવ સીધા, સાદા, સપાટ, બયાનની ગઝલ આ તો છે. આવા સીધા, સાદા જણાતા શેરમાં કેટલુંક ગહન, ગંભીર ચિંતન, મનન હોય છે. શયદા પૂરા સંપ્રક્ષ છે પોતાની ગઝલ બાબતે ને એમાં કંઈક એવું ભાથું, તત્વ છે જે શયદાને ગઝલના ઈતિહાસમાં મહત્વનું સ્થાન અપાવે છે .(મનન માટે છે એટલા માટે) શયદા એટલે પ્રેમઘેલો એને પ્રેમકાવ્ય, ગઝલ અનુકૂળ આવે જ. પણ એ પ્રેમ અને પ્રભુપ્રેમ ઉપરાંત જીવનચિંતનને સરળ ગુજરાતીનાં પ્રતીકો દ્વારા ગાય છે. એમણે ફારસી ગઝલને શુદ્ધ ગુજરાતણ બનાવી દીધી. એ 'ઈશ્કેહકીકી' ના કવિ છે.

મને એ જોઈને હસવું હજારોવાર આવે છે.
પ્રભુ તારા બનાવેલા તને આજે બનાવે છે.

આવી સરળ ભાષામાં તે ચમત્કૃતિ સાધે છે અને પુન : ગઝલની પ્રતિષ્ઠા કરે છે. ગુજરાતી ગઝલનો આ એક મહત્વપૂર્ણ મુકામ છે . જેને કેવી રીતે ગુજરાતી ગઝલનો ચહેરો ઉપસાવ્યો. આ સહજતા, સરળતા, સ્વભાવિક્તા અને ગુજરાતીતતા આ પૂર્વે આપણને જોવા નથી મળતી . કેવી રમતી રમતી મૂકી દે છે. ખુશી ને શોક, આશા ને નિરાશા નિરંતર એ બધા સાથે ક્યાંય કશો અવરોધ નથી આવતો . સીધો અર્થ આપણા સુધી પહોંચે છે. વાત તો સાર્વજનિક, સાર્વત્રિક આપણા સૌની છે . અર્થાત આ સૃષ્ટિનાં આ ભિન્ન ભિન્ન અંતિમો છે ને એમાંથી પસાર થઈએ છીએ આપણે સૌ. આ આખી દ્વંદ્વાત્મક સૃષ્ટિ છે . આનંદ,શોક, ફૂલ,કાંટા, અજવાસ અને અંધકારના વારાફેરા થયા કરે છે . ઘડીમાં આનંદ ને ઘડીમાં શોકની ઊંડી ખાઈમાં ગરકાવ થઈએ છીએ .વૈયક્તિક ધોરણે થયેલી વાત નથી. અભિવ્યક્તિની સરળતાને કારણે તે આપણે સુધી પહોંચે છે.

જીવનમાં નથી કાંઇ એથી વધારે,
કોઈ દાવ જીતે કોઈ દાવ હારે.

એક બાજુ ગઝલની પૂર્ણ એવી શિસ્ત ,એની જાળવણી અને બીજી બાજુ લાગે કે એ તો આપણી છે . જે ગુજરાતી ગઝલપણાનો મહિમા કરીએ છીએ શયદાનો એનો પરિચય આપતો એક શેર ,

તમારી આંખ પર અંકુશ રાખો,
હવે તો બહુ માથે ચડી છે.

તો આ છે ગુજરાતી ભાષાના પોતીકા પ્રયોગો . આ માથે ચડવું . આમ એક પ્રકારનું આક્રમણ કરવું , હુમલો કરવો , એક પ્રકારનો પ્રભાવ પાથરવો ઘણા બધા અર્થસંકેતો એમાંથી નીકળે છે.

પ્રથમ તબક્કાની ગઝલોમાં ખફા ,ખંજર,સનમ,રહમ અને અહીયાં ગઝલનું આખું પોત બદલાય છે . આંખના કામણની વાત કરવી છે આખરે તો આપણીજ બોલચાલની ભાષામાં જે ગઝલને માટે અનિવાર્ય મનાય છે . ગઝલ કહેવી એ પ્રયોગ અહીંયાં થાય છે . જુઓ એમકે મરીઝ કેવી ગઝલ કહે છે. ગઝલ કહેવાની, Perfomance ની છે. અર્થાત્ તેનું Communication થશે તો જ તે ઝીલાશે ને એટલે જ સરળતાનો આગ્રહ રખાય છે . સર્જક એક શેર કહીને બીજા શેર પર જતો રહેશે તો તરતજ સંક્રમિત થશે ને તો જ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ઝીલાશે. આ બીજા તબક્કાના ગઝલકારોમાં આપણે જોઈશું કે ક્યાંય કશું અટપટું નથી કે જે ગઝલ ને આપણા સુધી પહોચાંડવામાં અવરોધરૂપ બને "તમારી આંખને અંકુશ ......" ગઝલમાં શયદાની સહજ એવી સરળતા છે . જે તેમની ગઝલની વિશેષતા અને અભિવ્યક્તિની વિલક્ષણ છટા છે.

તમારા પગ મહીં જ્યારે પડ્યો છું,
હું સમજ્યો એમ આકાશે ચડ્યો છું.

તો ક્યાં ના ક્યાં લઈ જાય છે આપણને. આમ કેવું ઉડ્ડયન છે. શયદાની ઊંચાઈને સિદ્ધ કરતો આ શેર છે. "તમારા પગ મહી ........."

તો આ બીજા તબક્કાના આરંભના કવિ ગુજરાતી ગઝલના ઈતિહાસમાં જેમની નોંધ લેવાય છે તેવા શયદા અને બીજા માતબર ગજાના ગની દહીંવાલા. 'ગાતાં ઝરણાં' ગઝલ સંગ્રહ. જેની સૌથી વિશેષ નોંધ લેવાઈ છે. આ ગઝલકાર કંઈ નવી જ આબોહવા લઈને આવે છે , તે શીર્ષક જોતાંજ જાણી શકાય છે.આ સમયગાળાના દરેક કવિ પોતે પોતાના આત્માની ઓળખ આપે છે. જેમકે ,

"ગની ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલ બુલબુલ" અને પ્રણય ની મસ્ત એવી બાની લાવ્યાનો દાવો કરે છે .ગુજરાતમાં અને ગુજરાતી ગઝલમાં પોતાનો પ્રવેશ કઈ રીતે થયો એનો ચોક્કસ નક્શો છે . વિનયથી સજ્જ ગઝલની જે Fandamental Necessary કહીએ છીએ એનો અહીં સ્વીકાર છે. આપણે એવું સમજીને બેઠા છીએ કે ગઝલની વ્યુત્પત્તિ પ્રેમભાવનાના પ્રગટીકરણનુંજ એક માધ્યમ છે અને એટલેજ ગઝલોમાં આ ભાવ સતત ઘૂંટાતો આવે છે . અહીં તો કવિઓએ આમ અન્ડરલાઈન કરીને કહી દીધું છે , કે મારી પાસે જે કંઈ મૂડી છે તે આ લઈને આવ્યો છું જેમ સુદામા તાંદુલ. આ ભાવની અભિવ્યક્તિમાં ખર્ચાઈ છે.

તમારા અહીં આજ પગલાં થવાનાં,
ચમનમાં બધાને ખબર થૈ ગઈ છે,
ઝૂકાવી છે ગરદન બધી ડાળીઓએ,
ફૂલોનીએ નીચી નજર થૈ ગઈ છે. (મહેક-29)

પ્રથમ તબક્કાની ગઝલ કરતાં બીજા તબક્કાની ગઝલમાં સરળતા કેવી છે . અહીં પહોંચતી વખતે કોઈ પણ પ્રકારનું વ્યવધાન નડતું નથી. આપણી ભાષામાં ગઝલના પેલા જે મૂળભૂત ભાવ સંવેદન છે , તેની સરળ, સહજ અભિવ્યક્તિ કરીને અટકી જતા નથી પણ ક્યારેક રૂપકાત્મક, સર્જનાત્મક રીતે વાત કરીને પોતાની સર્જનશક્તિને રજૂ કરી છે જે પ્રેમભાવની આપણે વાત કરીએ છીએ એની સાથે નિસ્બત ધરાવતાં આ શેર, બે પાત્રોને બંને પાત્રો વચ્ચે પણ આમ કશુંક ઘણું બધુ થાય છે પણ પ્રગટ કશું થતું નથી . કહેવું છે ઘણું પણ કશું કહી શકાતું નથી. મરીઝ આ એક ઉચ્ચ તબક્કો છે . તો બીજી એવી પણ એક ક્ષણ છે કે યાદ બધુ છે પણ કહી કશું શકાતું નથી . આ પણ મિલનની એક ક્ષણ છે.

અધરના ગોખમાં બેસી રહે શબ્દોના પારેવાં,
પરસ્પર હોય ખામોશી અને નિર્ણય થવા લાગે. (નિરાંત-8)

તો પેલી એક પરિચિત એવી સ્થિતિ પ્રેમની . એનું નામ કાવ્યાત્મક સ્તરે ગઝલના રૂપે થતી અભિવ્યક્તિ એટલે આપણે એનો મહિમા કરીએ છીએ. આ મૌનની છે વસ્તુ કે કશુંજ ન ઉચ્ચારાય ને તેને કારણે છવાતી ખામોશી અને છતાંય નિર્ણય થવા લાગે તો આ છે ગની દહીંવાલા.

આમ આપણા ગઝલકારો પ્રેમની વાત કંઈક વિશિષ્ટ રીતે કરે . ગની દહીંવાલાની અભિવ્યક્તિનો જે અંદાજ , વિશિષ્ટ છટા છે એ પણ એમની ગઝલોના આકર્ષણનું કેન્દ્ર બને છે. વાત કરે પણ કંઈક વિશિષ્ટ રીતે કેવો છે આ પ્રેમીઓનો અંદાજ, કહે છે કે

મારી સામે જોઈ મોઢું ફેરવી લેવું, અને
પૂછવું પરને, 'ગની' કાં આજ દેખાતા નથી! (ગાતા ઝરણાં,૭૪)

આ અંદાજ પણ આપણને સ્પર્શે એવો છે . સ્વાભાવિક રીતે આ ગાળાના બધાજ ગઝલકારોની ગઝલમાં પ્રગટતી પ્રેમભાવની અભિવ્યક્તિની સમાન્તરે કઈક એવું ચિંતનનું તત્વ પણ વહેતું મૂકે છે . આ વિચાર સૌંદર્ય કેવી રીતે પ્રગટે છે એ પણ અભ્યાસ કરવા જેવો છે . ગનીનો જાણીતો શેર

શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,

રસ્તો ભૂલી ગયો તો, દિશાઓ ફરી ગઈ! (ગાતાં ઝરણાં-૩૬)

શ્રધ્ધાની પરાકોટી કવિએ બતાવી છે . કશુંક એવું અવલંબન છે . જે આપણે આંખે જોઈ શકતા નથી . પણ જીવન ટકાવવાનું (શ્રધ્ધા) બળ પુરું પાડે છે . પરમતત્વ કે ઈષ્ટદેવદેવીનું નામ આપીએ . પણ શ્રધ્ધાનું મોટું અવલંબન જે આપણને જીવાડે છે . અનિવાર્યપણે પહોંચાડે છે. એક નિષ્ઠ શ્રધ્ધા આપણને અચૂક આપણા ધ્યેય સુધી પહોંચાડે છે . આસ્થા, શ્રધ્ધાનું પગેરું શોધવા આપણે નથી નીકળતા 'રસ્તો ભૂલી ગયો...' જે ગઝલને કંઈક વિશેષ મનભર બનાવે છે. પેલી વાત તો સમસામાયિક પણ હોય ચાહે એ પ્રેમની, પ્રકૃતિની કે સમયના સંવેદનની હોય એ તો સમસામયિક હોય પણ કેટલુંક એવું કંઈ ચિંતન , જાત, જીવન, જગત વિશેનું ચિંતન . જે હંમેશા આપણી જાત સાથે જોડાયેલું હોય છે. સાખી, શૂરા, શબનમ એ કંઈ ગઝલમાં અનિવાર્ય નથી પણ એક વખતે આવે છે જ્યારે શ્રધ્ધાનું તત્વ તો ગઈકાલે , આજે અને આવતીકાલે પણ ચિરંતન લાગવાનું છે. એની સાથે આપણી નિસ્બત હરહંમેશ હતી અને રહેવાની ગની દહીંવાલા

સાત સાંકળ ચઢાવીને બેઠું 'ગની'

સાવ ઝાકળ ઝીણું બારણું આપણું (મહેંક;૯૯)

જીવનની અને દેહની ક્ષણભંગુરતાની વાત કરી છે .એક દર્શન જે આપણને આપણા શાસ્ત્રોમાંથી મળ્યું છે ને એક તથ્ય જે આપણે તારવતાં આવ્યા છીએ એ છે . દેહ એ શાશ્વત નથી પણ ક્ષણભંગુર છે . ગમે ત્યારે , ગમે તે ક્ષણે આમ ઢળી પડે . 'વીજળીના ઝબકારે....' તો આ વાત આપણી ભાષાનો એક ગઝલકાર કઈ રીતે કરે છે આપણી દિલચશ્પી એમાં હોય . ગની-આવી છિન્નતા છે જીવનની જો ઝાકળ નથી તો સૂરજનો મુકબલો કરી શકવાની નથી . 'ઝાકળના જેવું છે આ જીવન ' –એક વાત આ હુસને ખયાલની અને એક વાત ભાષાની કરવી છે. સહજ બોધ ગમ્ય ભાષા અને આપણી ગુજરાતી ભાષા . આપણે હવે ભૂલી જઈએ છીએ કે ગઝલ એ પરદેશી ભૂમિનો રોપ છે. સર્જકોની રજૂઆત એવી છે માટે રોમાંચ થાય તેવી છે ગઝલ . કહેતા કે ગની. એ પ્રકારની સભાનતા અને પ્રતિબધ્ધતા , ધાવણની ભાષામાં મારે મારી ગઝલ કહેવી છે. સંકલ્પ છે. પ્રેમ, પ્રીત જેવા શબ્દનો શું કામ પ્રયોગ ન કરું કે હકીકી, મિજાજી શબ્દનો પ્રયોગ કરું?

'ગની બળતામાં ઘી હોમાયા જેવી વાત થઈ આ તો,

દુ:ખી પોતે હતી દુનિયા અને એમાં આપણે આવ્યા'

તો આપણા રૂઢિપ્રયોગો , કહેવતો બોલચાલની છટા આ હતી એને પ્રયોજવાની છટા અહીં છે.

'રૂપાળા મોરલા મ્હેંકી રહેવાના થા તત્પર,

વરસવું હોય ના એ મેઘ બહુ ગાજયા કરે'

એમ ગઝલને આપણી પોતીકી પ્રસ્તુતિની એક જણસ બનાવી . ભાષાની સાથે કઈ રીતે કામ પાર પાડે છે . ગની ની વિશેષતા એ છે કે એની પોતાની સંબોધન, ઉદબોધન શૈલી એક પક્ષે રજૂ થાય છે ને બીજે પક્ષે ઝિલાય છે . ગઝલ વાંચવાની નહિ પણ સ્વાભાવિક રીતે સામી વ્યક્તિની સંડોવણીની હોય છે.

ક્ષમા કર હે જગત છે કર મહીં દેહડી મહોબ્બતની,

હું તેથી મિત્રતાના હાથ લંબાવી નથી શકતો.

હે દિપક કંઈ બોધ લે સ્વાપર્ણનો મારા જીવનથી,

હું સળગું છું કદી બીજાને સળગાવી નથી શકતો.

ત્યાં ક્ષમા કર હે જગત , હે દિપક સંબોધન ગઝલ સ્વરૂપ સાથે સંકળાયેલી બાબત છે જે સડોવણી દેખાય છે.

આ ગાળાના એક એવા ગઝલકાર જેનો ભારોભાર મહિમા કરીયે છીએ એ મરીઝ . ‘આદમ’, ‘નકશા’ બે સંગ્રહો , મરીઝ પણ ગુજરાતી ગઝલનું બહુજ મહત્વનું એક સ્થિત્યંત્તર છે . ગનીદહીંવાળા સાથે પૂરી નિષ્ઠાથી એક નિષ્ઠાથી કામ પાર પાડનારા સર્જક . દિલથી ગઝલો ફક્ત લખાય છે એ સ્વીકારતા અને દિલની જબાનમાંજ ગઝલો કહેતા એ આ મરીઝ છે . અનુસંધાન છે પરંપરા સાથે બધા જ ગઝલકારોને. પરંપરાનો એ શાયર છે એમ કહેવાય . એ તો છે જ પણ બે ભાગમાં વહેચાયેલી છે એની ગઝલો , પ્રેમનીવાત ,મોહબ્બત ની વાત વારે વારે આવે અહીં.

બધાજ ગઝલકારોને જ્યાં જવું છે એ રૂઠ છે. જે સિદ્ધ કરવું છે તે પણ નક્કી છે. એ ગોથાં ખાતાં નથી. ચોક્કસ દિશા, મુકામ એના મનમાં છે. પ્રેમની વાત કરવી છે કે ચોક્કસ પ્રકારનું ચિંતન સિદ્ધ કરવું છે કે કવિતા કરવી છે તે પણ મનમાં નિશ્ચિત છે

ઘાયલ અમારે શુદ્ધ કવિતાઓ જોઈએ ,

દાસીના સ્વાંગમાં હોય કે રાણીના સ્વાંગમાં.

નિસ્બત અને સભાનતા હતી . દિશા નક્કી કરીને બેઠા છે કે આજ યાત્રા , પ્રવાસ કરવો છે . મરીઝ પણ જાણે છે કે આ ગઝલનું વાહન છે એ મારે શા માટે ખપમાં લેવું છે ગઝલ નો પ્રેમ સાથેનો નાતો છે એનું અનુસંધાન જાળવે છે . કહે છે કે મોહબ્બત અને પ્રેમની દિવાનગી મિલનની મધુરતા મરીઝની ગઝલોના ખૂબજ મહત્વના કહી શકાય તેવા ભાવ પ્રદેશો છે.

કરું છું એને મોહબ્બત એમાં કશીયે ટેક વિના ,

કરે છે તેવું કાળજી ભરેલું કામ ગઝલ .

કેવી મજાની પ્રેમની દિવાનગી હશે ,

કે જ્યાં મરીઝ જેવો સમજદાર પણ હોય .

જેનાથી છૂટી શકાતું નથી તેવું . પ્રેમનો પ્રદેશ જ એવો છે કે એમાં પ્રવેશવાનું મન થાય છે . બસ એટલી સમજ ભારતીય સંસ્કૃતિમાંથી ઉદઘાટિત થાય છે. સર્વના શ્રેયની , કલ્યાણની વ્યાપક ભાવના ધરાવીએ છીએ. ને એનાથી આપણું કલેવર બંધાય છે. આપણે ભારતીય તરીકે સ્વકેન્દ્રી માત્ર પોતાનું ઈષ્ટ કરવામાં માનતા નથી . અન્યના સુખનો , આનંદનો વિચાર કરનારા છીએ. સાથે બેસીને ખાનારા પીનારા છીએ. એકલપિંડા નથી.

આમ એક એક શેરને જોઈએ તો કેટકેટલું ઊઘડે છે. એમાં કેટ-કેટલી શક્યતા છે એવું માનનારો એક વર્ગ છે. તો બીજો વર્ગ એવો પણ છે કે જે એમ માને છે કે ગઝલને વિશે તો કંઈ અભ્યાશ થાય એમાં તો દંભ છે ગઝલોમાં આપણને એવા તો સંખ્યાબંધ શેર મળે છે જે આપણા જીવનમાં એવું તો અજવાળું પાથરે કે જેને ઝીલીને આપણે તૃપ્ત થઈએ.

મરીઝ મરીઝ છે એના ઘણા કારણો છે. ખાસ કરીને એના અભિવ્યક્તિના અંદાજને આપણને સલામ કરવાનું મન થાય.

બંધ મુઠ્ઠી લાખની થઈ ગઈ છે સાચા અર્થમાં,

આપના પાલવનો છેડો હાથમાં આવી ગઈ.

રોજિંદા વપરાશની ભાષાનો, કાર્યકારણનો સંબંધ જોડીને આપણે ન્યાલ થઈ જઈએ . સીધી સાદી વાતની રજૂઆત જે રીતે કરે છે એની વાતની મજા છે.

તો અમૃત ઘાયલના રૂપે એવા એક ગઝલકાર મળ્યા કે જેમણે પૂરા પાંચેક દાયકા સુધી સતત સાતત્યપૂર્ણ રીતે ગઝલની ઉપાસના કરી છે. તેથી તેમનું ગુજરાતી ગઝલમાં આદરપૂર્વક નામ લેવામાં આવે છે.

કેમ ભૂલી ગયા દટાયો છું,

આ ઈમારતનો હુંય પાયો છું. (રૂપ-3)

એક પાયો. આ પાયાને કેમ ભૂલી શકીએ. મસ મોટી ઈમારતના ગઝલના પાયામાં છે. એક પગ પરંપરામાં અને એક પ્રયોગમાં છે. આરંભની ગઝલો ‘શૂળ અને શમણાં, રંગ,રૂપ,ઝાંય, અગ્નિ, ગઝલનામ સુખ એમના ગઝલ સંગ્રહો છે . એમની ગઝલોનું એવું કંઈક સામર્થ્ય કે જેણે સહૃદયોનું ધ્યાન ખેંચ્યું. પણ આ એક એવા ગઝલકાર કે અભ્યાસીઓએ પણ એમના પ્રત્યે ધ્યાન આપવું પડ્યું . જેની બહુ મોટી પ્રતિષ્ઠા છે. રણજિતરામ ચંદ્રક અમ્રુત ઘાયલને ગઝલકાર તરીકેનો પહેલ વહેલો પુરસ્કાર મળ્યો . વિદ્વાનોએ પોંખ્યા, પુરસ્કાર્યા એમની ગઝલોની સાર્વત્રિક સ્તરે નોંધ લેવાઈ અને આદર થયાં તેમજ નરસિંહ મહેતા એવોર્ડ મળ્યો.

‘જોકે વસમી ઠોકર છે પણ ખાઈ જવામાં લિજ્જત છે’ જાણે કે ઝેર પીધાં છે જાણી જાણી.

ગભરું

ચર્ચાનો વિષય એ હોય ભલે,

પણ ચર્ચાઇ જવામાં લિજ્જત છે.

મીરાં પણ

મેં તો પ્રેમ દિવાની મેરા દર્દ ન જાને કોઈ

તો પ્રેમની દિવાનગીનું કામણ કેવું છે . મિલનની મધુરતા અને વિયોગની વેદનાની વાત પ્રેમની વાત કરીએ ત્યારે કરીએ . તો મરીઝ પણ વિશિષ્ટ રીતે એના સંદર્ભમાં કેટલાક શેર કહેશે. જે પાત્ર છે એ પાત્ર પ્રત્યેનું આકર્ષણ કંઈક વિશિષ્ટ પ્રકારનું છે.

હા સૌને પ્રેમ કરવાને લીધો હતો મેં જનમ ,

વચમાં તમે જરાક વધારે ગમી ગયા.

તમે ગમી ગયાનો સ્વીકાર અને નાતો જોડાયો . મિલનની ભાવ સ્થિતિ કેવી છે . મરિઝના શેર માર્મિક છે . જેમની પાસે આખીને આખી સંઘેડા ઉતાર ગઝલો બહુ ઓછી છે. પણ કેટલીક ઉત્તમ ગઝલો આપીને એ અમર થઈ ગયા છે , તેમની પાસેથી શોધવા જઈએ તો આખીને આખી ઉત્તમ ગઝલો નથી મળતી પણ બે ચાર શેર તો એવા મળેજ કે જે આપણને સ્પર્શી જાય છે . ગમી જાય છે . તો સૌથી વધુ સારો તબક્કો છે મિલનનો એવા શેર પણ છે જે ચિંતનાત્મક પીઠિકા પર ઊભા હોય તેવા મળે છે

જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'

એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે ( આગમન ,૧૩૦ )

અહીં કવિના શબ્દ નો પ્રભાવ છે કે જો આપણે બોલવા મથીએ તોય બોલી ન શકીએ

બસ એટલી સમજ મને પર્વધિકાર દે

સુખ જ્યારે જ્યાં મળે .

આવા કેટલાક શેર દ્વારા મેદાન મારી જાય છે મરીઝ . ગઝલને હોંશિયામાં ધકેલનારો જે એક વર્ગ છે એના ઉત્તરો આપનારા આ ગઝલકારો છે.

જિંદગીનો એ જ સાચે સાચ પડઘો છે ,

હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાય .

તમે શું કરી ગયા , કેટલું કરી ગયા ને શું આપી ગયા . નથી ને છતાં એનું નામ બોલાય છે .ગની, મરીઝ, ઘાયલ નથી ને એનું નામ બોલાય છે. કેમકે, એવું કેટલુંક આપી ગયા છે કે પ્રતિજ્ઞા કરીને બેસીએ તો પણ એમનો છેદ ઉડાડી ન શકીએ . નામ અને મદિરાના ઓઠાં હેઠળ વાત જીવનને જીવવાની કરવી છે શબ્દ સાથે પૂરી નિસ્બતથી કામ પાર પાડ્યું

એથી વિશેષ જોઈએ ઘાયલ શું આપણે ,

આ સિદ્ધ શબ્દ આપણો એક કોરો ચેક છે.

સર્જકની જે મહામૂલી સમૃદ્ધિ , મૂડી છે એ આ સિદ્ધ શબ્દ છે . ગઝલ એ મનોરંજન નું સાધન કે સસ્તી જણસ કે ડાબા હાથે લખવાની ચીજ નથી એવી સભાનતા સાથે ઘાયલ ગઝલ એ ગઝલ છે. ગઝલ વિશેની પોતીકી સમજ છે અને એ શબ્દનું મહાત્મય સિદ્ધ કરે છે એનો અર્થ એ થયો કે ગઝલની સાથે પૂરી નિષ્ઠા છે ઘાયલની ગઝલોની પોતીકી મુદ્રા છે . સમયનો પ્રભાવ આપણે હંમેશા સ્વીકારીને ચાલીએ છીએ. સમયની ગઝલનો રંગ તો અહીંયા પણ અનિવાર્યપણે આવે છે . પ્રેમ અને મયપરસ્તિ .પણ દરેક કવિઓ પોત પોતાની રીતે એની પ્રસ્તુતિ કરે છે . દરેકની આગવી અલાયદી અભિવ્યક્તિ છે . અભિવ્યક્તિના અંદાજનો મહિમા છે . ઘાયલના વ્યક્તિત્વની ખુમારીની નોંધ લેવી પડે એમ છે. સર્જકની કૃતિમાં એના વ્યક્તિત્વનું પ્રતિબિંબ હોય છે . સર્જનને અને સર્જકની વ્યક્તિતાને જોડીએ છીએ . આ નાતો છે. એનો આગવો મિજાજ છે. દા.ત.ખુમારીને પ્રગટાવતો શેર ,

સુખ સ્વર્ગનું તો કાંઈ પ્રકારે ન જોઈએ ,

જે આપને ખપે તે અમારે ના જોઈએ

અને એક શેર એના નામને સાંકળીને કહેવાતો પણ એના વ્યક્તિત્વને ખુમારીને પ્રગટ કરતો શેર,

જીવનનું પૂછતાં હો તો જીવન છે ઝેર ઘાયલનું

ને છતાં હિંમત તો જુઓ નામ અમૃતલાલ રાખ્યું છે

જીવન અને મૃત્યુ વિશેનું ચિંતન, આધુનિક સંવેદના, નગર સંવેદના પણ આવે છે એટલે પ્રયોગ અને બીજું છે વાસ્તવદર્શન . જે ગાંધીયુગની બહુ મહત્વપૂર્ણ લાક્ષણિક્તા છે તેનો નાતો. એના ઉત્તરકાળની આધુનિક સંવેદના જોઈએ તો,

ચહેરા તમામ સરખા નગરના જણાય છે સંઘના ,

ગુમાવી બેઠા છે, સૌ આંખ, કાન, નાક વગરના જણાય છે.

એકવિધતાની વાત, સંવેદન શૂન્યતા, લાગણી જડતાની વાત અને આધુનિક વાસ્તવદર્શન.

એકાદ નહીં આ ભારતમાં ઈન્સાન ,

કરોડો એવા છે સીમ મહીનાં

વર્ગની વિસમતાની વાત કરી છે . તો ગુજરાતી ગઝલને સાવ નવું જ રૂપ આપનાર છે આદિલ મન્સૂરી એણે ગઝલને તેના જુનવાણી પણામાંથી મુક્ત કરી અનુભૂતિને , અભિવ્યક્તિના નવપ્રસ્થાન કર્યા . સ્વાતંત્ર્યોત્તર કવિતામાં ગઝલની આધુનિકતાની ક્રાંતિ કરે છે આદિલ . આદિલે બે ગઝલ સંગ્રહ આપ્યા છે.

(1)પગરવ અને (2) સતત . આદિલ ની ગઝલ કવિતા કેવી છે.

સમય પણ સાંભળે છે બે ઘડી રોકાઈ ને આદિલ ,

જગતના મંચ પર જ્યારે કવિનું મૌન બોલે છે.

એ ગઝલ ની ભાષા બદલી નાંખે છે .

રેઈનકોટ,છત્રીઓ,ગમશૂઝ,વોટર- પ્રૂફ હેટસ,

માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં

ગઝલમાં આદિલનો આ પ્રયોગ છે. એ નવા પ્રતીકો યોજે છે.

બંધ કિલ્લાની દીવાલો કાગ આ ,

સૂર્ય ના ગળફાને જીલે ચાંચમાં.

તો પકૃતિનાં દ્રશ્યોને નવી દ્રષ્ટિએ જુએ છે :

આકાશને સજાવ્યું છે તારાનાં તોરણે ,

સૂરજનું મોત જાણે ખુશીનો પ્રસંગ છે.

એ ગઝલનાં વિવિધ રૂપો સરળતા થી ખેડે છે. એ માત્ર ગઝલકાર નથી, આધુનિક કવિ છે, ને તેથી ગઝલને આધુનિક બનાવે છે.

આધુનિક ગઝલકારોમાં આદિલ મન્સૂરી સાથે ચીનુ મોદી પણ ગઝલના વિવિધ પ્રયોગો અને વિપુલ ખેડાણ થી નોંધપાત્ર છે . ગઝલમાં એમની સિદ્દિધ છે. ' ક્ષણો ના મહેલ 'અને 'ઈર્શાદ ગઢ' માં તે ગઝલના મૂળ બંધનને જાળવીને અન્યથા અવનવા પ્રયોગ કરે છે . અનોખો 'મૂડ' દાખવે છે. ગુજરાતી ગઝલ પ્રગટાવે છે. 'તસ્બી' જેવો ખાસ નવો ગઝલ પ્રકાર ઊભો કરે છે અને ગઝલ માં ધ્રુવપદની પ્રથમ ચરણની છેલ્લા શેરમાં પુનરાવર્તી કરો અનુભૂતિ ને પ્રભાવક બનાવે છે એ ગઝલ ને જીવે છે, કહે છે કે ,

લાખ જણ લખતા, જીવીને કેટલા લખતા ગઝલ ,

આપણી પાસે ફક્ત 'ઈર્શાદ' નું દ્રષ્ટાંત છે.

ચીનુની ગઝલ કલાપીની જેમ સ્વાનુભાવમાંથી પ્રકટેલી છે પણ એ કલાપીની રમ્યતા ભવ્યતાને પામી શકતા નથી અનુભૂતિજ જુદી છે

આધુનિક ગઝલ પ્રગટાવનાર રાજેન્દ્રશુક્લ ગઝલ કવિ તરીકે પ્રિય ને પ્રશસ્ય રહ્યા છે . ગઝલની કલાકૃતિના તેઓ સાધક છે . ગજલબંધના વિવિધ પ્રયોગ કર્યા છે. બોલીનો પ્રયોગ પણ કર્યા છે.

કોઈના મન, ઈને ચ્યમ રે પમાય ?

સમજણ તો સીધી ને સોંસરવી જાય.

તેઓ વેદાંત ને ગઝલમાં ઉતારે છે.

એક પંખી એકલું કઈ કલબલે,

ઊડતું બીજુંય આવી જય મલે !

મૂલમાંથી હોવું એવું હલબલે ,

પહાડનું યે પોત કઈ ફાલે ફુલે !

એમનામા ગઝલની મસ્તી ,મિજાજ , દર્દ છે, પ્રકૃતિ, પ્રણયના રંગ છે, નવાં કલ્પનો ને પ્રતીક છે. પ્રયોગલક્ષિતા પણ છે

આમ ગઝલ નોંધપાત્ર રીતે સમગ્ર ભારતમાં સૌથી વધુ ખેડાતું સૌથી વધુ વંચાતું કાવ્યસ્વરૂપ બની રહ્યું છે . ભારતની તમામ ભાષાઓમાં વત્તા ઓછા અંશે ગઝલો લખાઈ રહી છે.

ગુજરાતી ગઝલોમાં જે આધ્યાત્મ આવે છે તે ઊંચાઈ અને ઊંડાઈની દ્રષ્ટિએ અદ્વિતીય છે ગુજરાતી ગઝલ અનેક લીલી સૂકી , ચડતી પડતી જોઈ ચૂકી છે. પરંતુ એ વધુ ને વધુ સત્વશીલ , ગુણવત્તા સભર અને ઉર્દૂ ગઝલ ની સમકક્ષ બની રહેલી જણાય છે.